## લિવર અપડેટ ૨૦૧૩ અંતર્ગત કોન્ફરન્સમાં નિષ્ણાંતોના મતે

# પિત્તાશયના કેન્સરનું વધેલું નિદાન આધુનિક ટેક્નોલોજીથી શક્ય બનતા દર્દીના બચવાની શક્યતા વધી




અમદાવાદ

સ્ટર્લીંગ હોસ્પિટલ ખાતે ગુજરાત લિવર એન્ડ ડાયજેસ્ટીવ સર્જરી ક્લિનિક (GLDC), ગુજરાત લિવર કેન્સર ક્લિનિક ના સહયોગથી આજે લિવર સર્જરીના ક્ષેત્રે પ્રગતિ અંગે પાંચમી કોન્ફરન્સ '' એડવાન્સમેન્ટ ઈન લિવર સર્જરી - લિવર અપડેટ ૨૦૧૩ ''નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત ક્ષેત્રના વિશેષજ્ઞ ડૉક્ટરસ સહભાગી થયા હતા. જાણીતા લિવર ટ્રાન્સપ્લાન્ટ સર્જન અને નિષ્ણાત ડૉ. હિતેષ ચાવડાની આગેવાની હેઠળ યોજાયેલી આ કોન્ફરન્સમાં ગોલ બ્લેડર (પિત્તાશય)ના કેન્સર અંગે ચર્ચા કરવામાં આવી હતી. ગોલ બ્લેડર(પિત્તાશય)નુ કેન્સર એ પિત્તાશયની નળીમાં જોવા મળતી આંતરડા અને પાચનને લગતી ગંભીર બીમારી છે. અગાઉ મોટા ભાગના ગોલબ્લેડર કેન્સરનું નિદાન છેલ્લા તબક્કામાં જ થતું હતું. હવે તાજેતરમાં વિકસાવાયેલી ટેકનિક્સ દ્વારા આ કેન્સરનું નિદાન વહેલુ થઈ શકે છે જેથી દર્દીના બચવાની શક્યતાઓ ઘણી વધી શકે છે. આ ઉપરાંત ભારતની સ્થાનિક વસતીની તુલનામાં વિદેશ જતા લોકોને ગોલ બ્લેડર કેન્સરનું વિશેષ જોખમ રહે છે. ' લિવર અપડેટ ૨૦૧૩ ' માં પિત્તાશયના કેન્સર માટે આગમચેતી તથા સારવારમાં થઈ રહેલી એડવાન્સ સર્જરી અને વહેલું નિદાન કરવાની શક્યતાઓ પર ભાર મૂકવામાં આવ્યો હતો જેથી પિત્તાશયના કેન્સરવાળા દર્દીની બચી જવાની શક્યતાઓ વધારી શકાય . '' પિત્તાશયનું કેન્સર ઝડપથી વધતુ હોવાની અને અસાધ્ય હોવાની છાપ ધરાવે છે.

સારવારના તબક્કે રેડીયોલોજી અને ક્લિનિકલ તપાસમાં નિદાન થાય ત્યારે સમસ્યાઓ સર્જાય છે. આમ છતાં તેનું વહેલું નિદાન થવાથી દર્દીના બચવાની શક્યતાઓ વધે છે. તાજેતરમાં ઈમેજીંગ અને સર્જીકલ ટેકનિક્સ તેમજ દર્દશામક કિમોથેરપી ના વિકલ્પોને કારણે આ તરફનો દ્દષ્ટીકોણ બદલાયો છે. 'લિવર અપડેટ ૨૦૧૩ ' દ્વારા વિવિધ તબીબી વિદ્યાશાખાના નિષ્ણાતોએ લીવર સર્જરી અંગે જે વિગતો આપી છે તે દર્શાવે છે કે આ પ્રકારના દર્દીઓની સારવારમાં શ્રેષ્ઠ પરિણામો હાંસલ હવે શક્ય છે.